નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા
મુ.આહવા તા.આહવા જિ.ડાંગ.

Azadi Ka Amrit Mahotsav

E-mail:-dcfdangsouth16@gmail.com Telephone no:- (02631) 220246

ક્રમાંક:-બ/સર્વે/13/ 6850 સને 2022-23
આહવા તા. 09 /12/2022

પ્રતિ,
કાર્યપાલક ઇજનેરશ્રી,
માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ),
ડાંગ-આહવા

**વિષય:**-Proposal for diversion of Forest land for " Widening /Upgradation of Waghai-Shamgahan section(From Km.59+600 to Km.103+300)of Chikhali-Saputara Road (SH-15)to 4-laninig with paved shoulders in the state of Gujarat."
Online Proposal No.**FP/GJ/ROAD/155097/2022** Area.**40.62298 Ha.**
**સંદર્ભ:**-તેમના પત્રાંક:**PB.884/2022-23 Dt.10-11-2022**

સવિનય સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે તેઓના તરફથી મોજે:વઘઈથી જાખાના ગામ સુધી આવેલ વન વિસ્તારમાં વઘઇ-સાપુતારા રોડને ચાર માર્ગિયકરણ/અપગ્રેડેશન કરવા અંગેની ૪૦.૬૨૨૯૮ હેક. વિસ્તારની વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની દરખાસ્ત સંદર્ભ પત્રથી રજુ કરેલ છે.જે દરખાસ્ત ચકાસણી કરતા તેમાં નીચે મુજબની ક્ષતિઓ જણાયેલ છે.

૧. એનેક્ષર-૩ ફોર્મ-એ પાર્ટ-૧ દરખાસ્તમાં સામેલ કરવામાં આવેલ નથી.
૨. એનેક્ષર-૭ માં દર્શાવેલ લંબાઇ પહોળાઈ સાથે વિસ્તાર સુસંગત નથી.જે મુજબ સુધારો કરી રજુ કરવો.
૩. એનેક્ષર-૭ સાથે કે.એમ.એલ.સુંસગત નથી તેમજ કે.એમ.એલ.ફાઇલ જોતા તે રસ્તાને લાગુ જંગલ જમીનનો ભાગ છોડી દુરથી દર્શાવેલ છે.જે મુજબ જરુરી સુધારો કરી નવેસરથી કે.એમ.એલ.ફાઇલ અપલોડ કરવી અને તે મુજબ એનેક્ષર-૭ રજુ કરવુ.
૪. કે.એમ.એલ ફાઇલ મુજબ સ્થળ ઉપર ડિમાર્કેશન કરવુ.
૫. ઉપરોક્ત જરુરી ક્ષતિઓની પુર્તતા સાથે નક્શાઓ પણ સુધારી ઓનલાઇન અપલોડ કરવા સાથે હાર્ડકોપીમાં દરખાસ્તમાં રજુ કરવા.
૬. ઓનલાઇન અપલોડ કરેલ એનેક્ષર-૧૫ વિસ્તાર સાથે સુસંગત નથી. જે નવેસરથી સુધારો કરી અપલોડ કરવો તથા હાર્ડ કોપીમાં દરખાસ્તમાં સામેલ કરવી.
૭. દરખાસ્તમાં જસ્ટીફિકેશન એનેક્ષર-૯ તથા કોસ્ટ બેનેફિટ એનાલિસીસ એનેક્ષર-૫ અપલોડ કરવામાં આવેલ નથી. જે ઓનલાઇન અપલોડ કરવા
૮. દરખાસ્તમાં ઓનલાઈન form-A Part-1 C પેરા IV માં એનેક્ષર-૩૪ અપલોડ કરવામાં આવેલ નથી. જે એનેક્ષર-૩૪ અપલોડ કરવુ.



Scanned with OKEN Scanner

૯. દરખાસ્તમાં એનેક્ષર-૨૬ માં વિસ્તાર ૪૦.૮૬૦૭૧ હેકટર દર્શાવેલ છે. જ્યારે દરખાસ્તના એનેક્ષર-૭ માં વિસ્તાર ૪૦.૬૨૨૯૮ હેકટર દર્શાવેલ છે. જેથી ચકાસણી કરી ખરેખર કેટલો વિસ્તાર રસ્તાના વપરાશમાં લેવાની થાય છે. તે મુજબ એનેક્ષરમાં દર્શાવી રજુ કરવુ.

૧૦. દરખાસ્તમાં એનેક્ષર-૩૦ માં સામેલ કરેલ મેપ ઈન્ડેક્ષ મેપ મુજબ નથી. ઈન્ડેક્ષમેપમાં ડાયવર્ઝન અને વળતર વનીકરણ બન્ને એક જ નકશામાં દર્શાવી રજુ કરવાનો રહે છે. જેથી તે મુજબનો ઈન્ડેક્ષ મેપ સામેલ રાખવો.

૧૧. એડીશનલ ચેકલીસ્ટ એનેક્ષર-૧ માં વિસ્તાર ૪૦.૮૬૦૭૧ હેકટર દર્શાવેલ છે. જ્યારે દરખાસ્તના એનેક્ષર-૭ માં વિસ્તાર ૪૦.૬૨૨૯૮ હેકટર દર્શાવેલ છે. જેથી ચકાસણી કરી ખરેખર કેટલો વિસ્તાર રસ્તાના વપરાશમાં લેવાની થાય છે. તે મુજબ એનેક્ષરમાં દર્શાવી રજુ કરવુ.

૧૨. દરખાસ્તના તમામ ચેકલીસ્ટો ઉપર યુઝર એજન્સીના પ્રતિનિધિના નામ /હોદ્દો અને સહી સાથે રજુ કરવાનુ રહે છે. જે ચેકલીસ્ટો રજુ કરેલ છે તેમાં યુઝર એજન્સીના અધિકારીનુ નામ દર્શાવેલ નથી. જે મુજબ દર્શાવી રજુ કરવુ.

૧૩. તેમના દ્વારા રજુ કરેલ દરખાસ્ત ૧.૦૦ હેકટરથી વધુ વિસ્તારની હોય જેથી નિયમોનુસાર ડાયવર્ઝન થનાર વિસ્તાર ૧.૦૦ હેકટરથી વધુ હોવાથી જેટલો વિસ્તાર ડાયવર્ઝન થનાર હોય તેટલી જ બિન જંગલની જમીન યુઝર એજન્સીએ વન વિભાગને સુપ્રત કરવાની રહે છે. જે બિન જંગલની જમીન વન વિસ્તારને અડીને આવેલ હોવી જોઇએ જેથી તે વિસ્તારમાં વન વિભાગ દ્વારા વળતર વનીકરણની કામગીરી હાથ ધરી શકાય

ઉપરોક્ત તમામ વિગતે ક્ષતિઓની પુર્તતા કર્યા બાદ જ દરખાસ્ત અત્રે પરત કરવા વિનંતી છે.

બિડાણ:-દરખાસ્ત ૫ પ્રતમાં

નાયબ વન સંરક્ષક
દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા

Scanned with OKEN Scanner